# જય આદ્યા શક્તિ (અંબે માં ની આરતી)

જય આદ્યા શક્તિ, મા જય આદ્યા શક્તિ
અખંડ બ્રહ્માંડ દીપાવ્યા (2)
પડવે પ્રગટતયા
ઓમ જય ઓમ જય ઓમ મા જગદંબે ॥ 1 ॥

દ્વિતીયા બે સ્વરૂપ, શિવ શક્તિ જાણું
માં શિવ શક્તિ જાણું
બ્રહ્મા ગણપતિ ગાયે, (2)
હર ગાયે હર માં
ઓમ જય ઓમ જય ઓમ મા જગદંબે ॥ 2 ॥

તૃતીયા ત્રાણ સ્વરૂપ, ત્રિભુવન માં બેઠા
માં ત્રિભુવન માં બેઠા
ત્રય તકી તરવેણી, (2)
તમે તરવેણી માં
ઓમ જય ઓમ જય ઓમ મા જગદંબે ॥ 3 ॥

ચોથે ચતુરા મહાલક્ષ્મી, મા સચરાચર વ્યાપ્યા
મા સચરાચર વ્યાપ્યા,
ચાર ભુજા ચૌદીશા, (2)
પ્રગટ્યા દક્ષિણમા
ઓમ જય ઓમ જય ઓમ મા જગદંબે ॥ 4 ॥

પંચમી પંચઋષિ, પંચમી ગુણ પદમા,
માં પંચમી ગુણ પદમા,
પંચ તત્ત્વ ત્યા સોહિયે,  (2)
પંચતત્ત્વે માં
ઓમ જય ઓમ જય ઓમ મા જગદંબે ॥ 5 ॥

ષષ્ઠિ તુ નારાયણી, મહિષાસુર માર્યો,
માં મહિષાસુર માર્યો,
નર નારી વે રૂપે, (2)
વ્યાપ્યા સઘળે માં
ઓમ જય ઓમ જય ઓમ મા જગદંબે ॥ 6 ॥

સપ્તમી સપ્ત પાતાળ, સંધ્યા સાવિત્રી,
માં સંધ્યા સવિત્રી,
ગૌ ગંગા ગાયત્રી, (2)
ગૌરી ગીતા માં
ઓમ જય ઓમ જય ઓમ મા જગદંબે ॥ 7 ॥

અષ્ટમી અષ્ટ ભુજા, આઈ આનંદા,
માં આઈ આનંદા,
સુરનર મુનિવર જનમા, (2)
દેવ દૈત્યો માં
ઓમ જય ઓમ જય ઓમ મા જગદંબે ॥ 8 ॥

નવમી નવકુળ નાગ, સેવે નવ દુર્ગા,
માં સેવે નવ દુર્ગા,
નવરાત્રી ના પૂજન, (2)
શિવરાત્રિ ના અર્ચન,
કીધા હર બ્રહ્મા
ઓમ જય ઓમ જય ઓમ મા જગદંબે ॥ 9 ॥

દશમી દશ અવતાર, જય વિજયલક્ષ્મી,
માં જય વિજયલક્ષ્મી,
રામે રામ રમાય (2)
રાવણ રોળ્યો મં
ઓમ જય ઓમ જય ઓમ મા જગદંબે ॥ 10 ॥

એકાદશી અગિયારસ કાત્યાયની કામા
માં કાત્યાયની  કામા,
કામદુર્ગા કાલિકા, (2)
શ્યામા ને રામા
ઓમ જય ઓમ જય ઓમ મા જગદંબે ॥ 11 ॥

બારસે બાળા રૂપ, બહુચરી અંબા માં,
મા બહુચરી અંબા માં,
બટુક ભૈરવ સોહિયે,
કાળ ભૈરવ સોહિયે,
તારા છે તુજ માં
ઓમ જય ઓમ જય ઓમ માં જગદંબે ॥ 12 ॥

તેરસે તુળજા રૂપ, તુ તારુણી માં
માં તુ તારુણી માં
બ્રહ્મા વિષ્ણુ સદાશિવ
ગુણ તારા ગાતા
ઓમ જય ઓમ જય ઓમ મા જગદંબે ॥ 13 ॥

ચૌદસે ચૌદ રૂપ, ચંડી ચામુંડા,
માં ચંડી ચામુંડા,
ભાવ ભક્તિ કની આપો, ચતુરાઈ કની આપો,
સિંહવાહિની માં
ઓમ જય ઓમ જય ઓમ મા જગદંબે ॥ 14 ॥

પૂનમે કુંભ ભર્યો, સાંભળજો કરુણા,
મા સાંભળજો કરુણા,
વસિષ્ઠ દેવે વખાણ્યા,
માર્કંડ દેવે વખાણ્યા,
ગાયે શુભ કવિતા
ઓમ જય ઓમ જય ઓમ મા જગદંબે ॥ 15 ॥

સવંત સોળ સત્તાવન, સોળસે બાવીસમા
મા સોળસે બાવીસમા
સવંત સોળે મા પ્રગટ્યા, (2)
રેવા ને તીરે,
ઓમ જય ઓમ જય ઓમ મા જગદંબે ॥ 16 ॥

ત્રંબાવતી નગરી આઈ, રૂપાવતી નગરી,
માં રૂપાવતી નગરી,
સોળ સહસ્ત્ર ત્યાં સોહિયે, ક્ષમા કરો ગૌરી,
માં દયા કરો ગૌરી,
ઓમ જય ઓમ જય ઓમ મા જગદંબે ॥ 17 ॥

શિવ શક્તિ ની આરતી જે ભાવે ગાયે,
મા જે ભાવે ગાયે,
ભણે શિવાનંદ સ્વામી,
સુખ સંપતિ તાશે,
હર કૈલાસે જાશે
માં અંબા દુખ હરશે
ઓમ જય ઓમ જય ઓમ મા જગદંબે ॥ 18 ॥